# સર્વે નંબર 'શુન્ય'

(અગરિયા સમુદાયની જીવંતવ્યથા)

કલાકાર
અંબુભાઈ પટેલ

An http://Aksharnaad.com Effort
with kind permission from Sh. Sanjay Thakkar, karuna setu Trust

# અ-ક્ષર નાદ

આ ઈ-પુસ્તક અનેક રીતે વિશિષ્ટ છે, અનેક રીતે એ સમાજની એક અનોખી તાસીર, એક અલગ અને પ્રતિકૂળ સંજોગોમાં જીવતા લોકોની થઈ રહેલી અવગણના પર પ્રકાશ પાડે છે, તો બીજી તરફ ગમે તેવી મુશ્કેલ સ્થિતિઓમાં પણ પોતાનો માર્ગ શોધી લેવાની જીવનની વિશિષ્ટતાઓ પણ એ દર્શાવે છે. આપણાથી ખૂબ જ નજીક વસતા આ લોકો પ્રત્યે આપણી અને સરકારની બેદરકારી અક્ષમ્ય કહી શકાય એ હદની છે. આ અગરીયાઓના જીવનને, જીવનપદ્ધતિને અને તકલીફોને તસવીરે કંડારી છે શ્રી અંબુભાઈ પટેલે. કરૂણાસેતુ ટ્રસ્ટના શ્રી સંજય ઠક્કરનો આ પુસ્તિકાને ઈ-સ્વરૂપે પ્રકાશિત કરવાની તક અક્ષરનાદને આપવા બદલ ખૂબ ખૂબ આભાર. અક્ષરનાદ ઈ-પુસ્તકના કોઈ એક સીમીત વર્તુળમાં બંધાઈને ન રહી જાય એ જોવાનું કોઈ પ્રયોજન ન હોવા છતાં વિવિધતા જળવાઈ રહે છે એ આનંદની વાત છે. તો મોટી સંખ્યામાં થઈ રહેલા ડાઊનલોડ પણ આ ઈ-પુસ્તકોની લોકપ્રિયતા જ બતાવે છે. આશા છે વાંચકોની મનનક્ષુધા આવા ઈ-પુસ્તકો વડે સંતોષાતી રહેશે.

# સર્વે નંબર "શૂન્ય"

(અગરિયા સમુદાયની જીવંત વ્યથા)

ધોળું મીઠું કાળી મજુરી શ્રેણીનું બીજું પુસ્તક

પ્રથમ આવૃતિ

પ્રત : ૧૦૦૦

વર્ષ : ૨૦૦૭-૦૮

અભ્યાસ અને લોક જાગરણ હેતુ....

પ્રેરણા : હૃદયસ્થ ડૉ. વસંતભાઈ પરીખ

This E-book is thankfully published for and dedicated to Karuna Setu Trust, Vadnagar
http://karunasetutrust.org/

તસ્વીર અને લખાણ : શ્રી અંબુભાઈ પટેલ, ખારાઘોડા

મુદ્રક : વિપુલ પ્રિન્ટર્સ, અમદાવાદ
ફોન નં.: ૦૭૯-૨૫૬૨૨૪૬૨

http://aksharnaad.com

# બળતે હૈયે

(ધોળું મીઠું કાળી મજુરી ની પ્રસ્તાવના)

આ હલબલાવી નાખતી
તસ્વીરો
કલાકાર અગરીયા છે.
વેદના, વ્યથા, અભાવ
અને પીડાની આકરી
તાવણીએ આ સાચુકલી,
શરમાવે એવી કથા, છબીઓ
કહે છે.
જેનું નમક ખાધું, એને
વફાદાર છીએ ?
મારી જાતને પુંછું છું
અને શરમથી માથું ઝુકી
જાય છે.
આ અમાનુષી શ્રમ,
અગરીયાઓની આ દશા,
આ શોષણ,
આ ઉપેક્ષા,
સરકાર, સમાજ, અને
ભારતીય કહી શકાય એ
તમામને સારુ, પડકાર છે.
વીજ્ઞાનનો તકાજો છે
કે, મીઠા ઉત્પાદનની પ્રકીયા
માનવીય બનાવો.
આ અગરીયા આપણા
વીશાળ પરીવારના છે.
જાગીએ એવી આશાએ
ભાવસભર વંદના



હૃદયસ્થ ડૉ. વસંતભાઈ પરીખ

(ધોળું મીઠું કાળી મજુરી પુસ્તીકાની બીજી શ્રેણી જેવી
આ પુસ્તીકા નું હાથમાં લીધેલુ પણ અધુરૂ રહેલુ કામ
આ પ્રકાશનથી પૂર્ણ કરીને ભાવાંજલિ આપીએ છીએ
એટલે એ જ પ્રસ્તાવના-બળતરા ફરીથી રજુ કરી છે.)

http://aksharnaad.com

# શૂન્યની વ્યથા

જાગતા અને
જાગવા માગતા
સર્વને...
અગરિયા સમુદાયની
જીવંત વ્યથાનું
આ ચિત્રણ...
અભાવ, શોષણ અને આકરી
પીડા સહન કરતો
આ માનવ સમુદાય
આપણી વચ્ચે !
અમદાવાદ થી માત્ર
૧૦૦ કી.મી. છેટે

આઝાદીના ૬૦ વર્ષ પછી પણ
રાજ્ય સરકાર મુજબ
''આ સમગ્ર વિસ્તારનો કોઈ સર્વે થયેલ નથી.
સર્વે થયેલ ન હોઈ કોઈ સર્વે નંબર નથી.''
''સર્વે નંબર શૂન્ય'' તરીકે ઓળખાતા આ
વિસ્તારનું બધુ જ શૂન્ય......
ભારતીય બંધારણ થી અપાયેલ નાગરીકના
મૂળભુત અધિકાર પણ !!!
આવો આપણે સાથે મળી આપણા આ
પરિવાર જનોની વ્યથા સમજીએ.
ઉપચાર કરીએ
તેવી આશાએ

**સંજય ઠક્કર**

http://aksharnaad.com

# હકીકત નામુ

| | | |
|---|---|---|
| સ્થળ | - | કચ્છનું નાનુ રણ, ગુજરાત |
| વિસ્તાર | - | ૪૫૦૦ ચો. કિ.મી. |
| માનવ વસ્તી | - | ૪૨૦૦૦ પરિવાર |
| વ્યવસાય | - | મીઠાની ખેતી |
| કુલ અંદાજીત ઉત્પાદન | - | ૩૩ લાખ ટન/વાર્ષિક |
| પોલીસ સ્ટેશન | - | શૂન્ય |
| સરકારી શાળાઓ | - | શૂન્ય |
| પોસ્ટ ઓફીસ | - | શૂન્ય |
| સરકારી આરોગ્ય કેન્દ્ર | - | શૂન્ય |

| | | |
|---|---|---|
| રેલ્વે લાઈન | - | શૂન્ય કી.મી. |
| પાકા રસ્તા | - | શૂન્ય કી.મી. |
| વીજળી કનેક્શન | - | શૂન્ય |
| ટેલીફોન લાઈન | - | શૂન્ય કી.મી. |
| એસ.ટી. બસના રૂટની સંખ્યા | - | શૂન્ય |
| પીવાના પાણીનાં કનેકશન | - | શૂન્ય |
| પાકા મકાનો ( અંદાજીત) | - | શૂન્ય |
| મહત્તમ તાપમાન | - | ૪૮ થી ૫૦$^0$c |
| લઘુત્તમ તાપમાન | - | શૂન્ય$^0$c |

http://aksharnaad.com

# શબ્દવેધી સાહ્યબી



વીજળીના કનેકશન - શૂન્ય
સરકારી આરોગ્ય કેન્દ્ર - શૂન્ય

પાકા મકાન - શૂન્ય
પોલીસ સ્ટેશન - શૂન્ય

http://aksharnaad.com



આઝાદીનાં કેટલાક દાયકા પહેલા મીઠાની કાળી મજૂરી સામે ઝુઝનાર થાકી જાય, શરીર પાતળુ પડી જાય, ગળાની હાંસડીનાં હાડકા ચોખ્ખા દેખાઈ આવે અને ટી.બી. વળગે ત્યારે જણમાત્રનો એક જ આશરો ખારાઘોડાની 'રાંક-લાઈન'. બંધ-મોંની અડધી ચણાયેલી બાવન ઓરડીઓનો વિસ્તાર એટલે 'રાંક-લાઈન'. નિચોવાયેલા-ટીબીગ્રસ્ત જણને ત્યાં પડી રહેવાનું. દિવસમાં બે વખત ખિચડી મળે. નસીબ જોગ મૃત્યુનો ડુંગર હટીને જીવનમાં પલટાય તો ફરીથી મીઠાની કાળી-મજૂરી! આજે આઝાદીનાં છ દાયકા પસાર થઈ ગયા છે. રાંકા-લાઈન' માં નજર કરો તો જોવા મળે, પડેલી પછીતો ને ઉતરડાઈ ગયેલા છાપરા. થોડા કૌતુકભર્યા ચહેરાને ઓશિયાળી આંખો. આજે પણ આ ઓરડીઓમાં રહેનારાની જીવાદોરી મીઠાની કાળી મજૂરી, ટી.બી. જેવા રોગમાં મહિને દા'ડે એકાદ જણ ઉકલી જાય ત્યારે અહીં દિવસો સુધી સુનકાર છવાઈ જાય. આટલા દાયકાઓમાં કેટલા ઉકલી ગયા હશે! કેટલા દર્દ આ વિસ્તારે કાળજે ધરબી દીધા હશે! કોને ખબર! તસવીરમાં ખારાઘોડાની 'રાંકા લાઈન'ની એક ઓરડીમાં જુવાન બેઠો છે. કાળી મજૂરી કરતા થાકેલા માં-બાપ અને કાચી ઉંમરનાં ભાઈને ટી.બી. ઝુંટવી ગયો. પોતાનેય હાડમાંથી ઝીણો તાવ હટતો નથી. ભૂખ લાગતી નથી અને શરીર ઘસાતું જાય છે. દાયકાઓથી જીર્ણ થઈને ઉભેલી આ ઓરડીઓને જાણે આજે ય મૃત્યુ સિવાય કોઈ સાથે 'સગપણ' નથી....

http://aksharnaad.com



જાતથી અગળા થઈને ભર ચોમાસે 'મૌન' વરસાવતી જીંદગીની તસવીર છે. ફાટેલા કંતાનની ઝુંપડીમાં એને જન્મ આપીને શ્રમજીવી માતા સદાને માટે આંખ મીચીં ગઈ. કુપોષણ-એનિમિક અને ટી.બી. જેવા શબ્દો ન સમજતો બાપ પણ છ મહીના સતત ખાંસતો રહી પત્નીની પાછળ ગયો. વેરાન રણમાં મૂંગા મોઢે મજુરી કરતા એનું બાળપણ-યુવાની વીતી ગઈ. જેના ત્યાં મજૂરી કરવાની એનો જ રોટલો અને ઓટલો. ન કોઈ સામે દાદ કે ફરીયાદ. વરસો પહેલાં કોઈએ હિન્દી ફિલ્મ બતાવી. એ ફિલ્મનો હિરો જાત પર એવો છવાઈ ગયો કે કોઈ એને રાજેશ ખન્ના કહે એટલે થોડોક મલકી પડે. વળી પાછા મૌનના કમાડ ભીડી દે. આજે પણ મજુરી કરી થાક્યો - પાક્યો સાંજે ઝુંપડામાં બેસી જાય છે. વરસો પહેલા જોયેલું ચલચિત્ર નજર સામે જીવંત થાય. એ ફિલ્મનાં હીરો રાજેશ ખન્નાના ચોકઠામાં જાતને ગોઠવીને મૌનના કમાડ ઉઘાડે... અને એ ચલચિત્રનું અરધુ-પરધુ યાદ રહી ગયેલું ગીત ઝાંઝવામાં વહેતુ મેલે... મેરા જીવન - કોરા કાગજ, કોરા હી રહ ગયા....



http://aksharnaad.com



જીંદગી એક રંગભૂમિ, રંગભૂમિનો અદાકાર માનવ. અદાકારી શ્વાસ ચાલે ત્યાં સુધી. એકાકી અગરીયા વૃધ્ધા 'બાલુમાં'ની તસવીર છે. આ બાલુમાંને જીંદગીની રંગભૂમિમાં આઠ દાયકાથી અદાકારી. જીવતરની રંગભૂમિનાં સાથી અદાકાર અગરીયા પતિ 'અરજણ'ની અદાકારી તો પાંચ દાયકા પહેલા પુરી થઈ. બાલુમાંને એ છેલ્લો સીન હજુય યાદ છે... ખાટલામાં સતત ખાંસતો અગરીયો અરજણ પડખા ફેરવતો હતો. એ દિવસે અરજણ પડખાં ફેરવતો બંધ થયો. અરજણનાં શ્વાસ અટકી ગયા. બાલુમાં રંગભૂમિમાં સાવ એકલા... પાંચ દાયકાથી અરજણ વગર બાલુમાંની એકપાત્રીય અદાકારી ચાલ્યા જ કરે છે. રંગભૂમિ ઉપર સજાવેલી બાલુમાંની ઓરડીનો અસબાબ ધીમે-ધીમે આથમતો ગયો. અસબાબમાં રહ્યો માત્ર કરચલીવાળો ચહેરો અને ભીંતે ઉભો કરેલો 'ભાલો' એ ભાલો પકડતો અરજણ તો ક્યારનોય આથમી ગયો. એકલો પડી ગયેલો 'ભાલો' પણ 'નિશ્વાસ' નાખી રહ્યો છે. હવે ક્યાં લડવું ? લડાઈ જ સમૂળગી બદલાઈ ગઈ છે ! 'પેટ' સામેની લડાઈમાં આ 'ભાલો' તો ક્યારનોય પરાસ્ત થયો છે. બસ, હવે તો બાલુમાં એ અજાણ્યાં નિર્દેશકનાં ઈશારાની રાહ જુએ છે. એનાં એક જ ઈશારે એમને આ ખોળીયામાંથી નીકળી જવું છે. આવી રીતે 'હુંફ'ની ભીખ માંગતા કેટલાય એકાકી 'વૃધ્ધ' અને 'વૃધ્ધા' ઓ રણકાંઠાનાં ગામડામાં સબડે છે. આ આખર સમયે એમના માટે રણકાંઠામાં 'વૃધ્ધાશ્રમની પહેલ કોણ કરશે ?

http://aksharnaad.com



સદીઓથી મીઠાનાં અગરોમાં અગરીયાઓની જીંદગી વિખરાતી રહી. એ વિખરાતી જીંદગીને એકઠી કરી લેવા ચોમેરનાં ઝાંઝવાઓ વચ્ચે આમ તેમ અથડાતા રહ્યા તોય જીંદગી દિન પ્રતિદિન હાથતાળી આપીને દૂર દૂર સરકતી અને વિખરાતી રહી. મીઠાની મંદી અને ક્રુડ તેલનાં સતત ઉંચકાતા ભાવે આ સુકીભંઠ ધરતીનાં છોરૂ આખરે સાવ રાંક થઈ ગયા. પરીણામે સેંકડો પરીવાર હિજરત કરી આ રણકાંઠો મૂકીને જઈ રહ્યા છે. રણકાંઠાનાં ગામડામાં ડોકીયુ કરો તો જડે બિમાર અને વૃદ્ધ. માનવ વસ્તી વગરનાં ગામડા ઉજ્જડ થઈ ભેંકારતા થયા છે આઝાદીનાં આટલા વરસો પછીયે કોઈ હૃદયમાં એટલી આસ્થા જગાડી શક્યા નથી કે કોઈક કંઈક કરશે એમના માટે. કપરો વખત અને પેટની થપાટે વૃદ્ધ માતાને ભેંકારતા ગામમાં ભગવાન ભરોસે મુકી ઉચાળા ભરીને એનો અગરીયા પરીવાર જઈ રહ્યો છે. એ વૃદ્ધા હિજરત કરીને જતા પરિવાર તરફ મીટ માંડી રહી છે. ચહેરા ઉપર ઉપસી રહેલી કરચલી તેમાં પડેલી વિટંબણાની લિપી અને ચશ્માનાં કાચમાં ઝાંખા-ઝાંખા ઝિલાતા એનાં પરીવારની તસવીર છે. એનાં અંતરમાંથી ઉઠતા વેદનાનાં આક્રંદ હવે કર્મશીલોને જાણે કાકલુદી કરીને કહે છે કે... સમાલબેલી !... આ જીવતરની લાચારી હવે લપાતી-છુંપાતી આગળ વધે છે. ગમે તેમ કરીને રોકો.

http://aksharnaad.com



ક્યારેક ડાઈનીંગ ટેબલનો ઠઠારો એવો હોય છે કે કૃત્રિમતા પણ સાહજીકતાનાં વાઘા પહેરીને જમનારને પંપાળતી રહે. કબાટની અંદર પારદર્શક કાચમાંથી કાચા કામનાં કેદીની જેમ ક્રોંકરી વપરાશ માટે નહીં, માત્ર બતાવવા માટે જ પૂરાયેલી રહે. આ ઠઠારો જમનાર ઉપર આક્રમણ કરતો રહે, એટલું ઓછું હોય એમ પછી વાનગીઓનું આક્રમણ શરૂ થાય. આવા આક્રમણ વચ્ચે 'સાહજીકતા' અને 'નિરાંત' છોભીલી પડીને ડાઈનીંગ ટેબલની ઘણે દૂર કોઈ ધૂળીયા ગામમાં ચાલી જાય. તસવીરમાં બે મીઠા કામદાર મહીલાઓએ પોતાના જ બાવડાં પછાડીને ભરેલા મીઠાનાં થેલાનું ડાઈનીંગ ટેબલ બનાવી દીધું. હળવે હળવે ટીફીનનાં ઢાંકણા ખૂલ્યા પેલી છોભીલી પડી ગયેલી 'સાહજીકતા' બાજુમાં આવીને બેસી ગઈ અને આંખોમાં 'નિરાંત' ગોઠવાઈ ગઈ. ધગધગતી બપોર નીચે એક હાથમાં રોટલોને બીજા હાથમાં ગરીબોની કસ્તુરી ડુંગળી અને આંખોમાં એય... ને.... 'નિરાંત'નો નશો....



http://aksharnaad.com

## લ્યો અમે શોધી રહ્યા સમતોલન...



પાકા રસ્તા - શૂન્ય કીમી

રેલ્વે લાઈન - શૂન્ય કીમી

એસ.ટી બસના રૂટની સંખ્યા - શૂન્ય



http://aksharnaad.com



મીઠાનાં અગર અને ગામ વચ્ચે રઝળપાટ કરીને આયખુ હીંચકાની જેમ ઝોલા ખાતું રહ્યું. પહેલાની જેમ જ આ વખતે ય કુદરતે રખોપા કરી લીધા. બધી યે ઋતુ પીઠ ઉપર ઝીલી લીધા પછી અગરીયાઓએ ઢગલાબંધ મીઠાનું ઉત્પાદન કર્યું છે. તસવીરમાં એક અગરીયા મહિલા ખારાપાણીમાંથી પાવડી વડે મીઠાનો એક-એક કાંકરો માવજતથી શોધીને ઢગલો કરી રહી છે. મીઠાનાં અગરમાં આજે એમને છેલ્લા દિવસ છે. આવતી કાલે ઉચાળા ભરીને ઘર ભેગા થવાનું છે. કામમાં ઓત-પ્રોત અગરીયા મહિલા મનમાં વિચારતી હશે કે આવતા વરસે ફરીથી અહીં આવવાનું થશે, ત્યારે - અમારા ઉપરનું દેવું ઘટી જશે કે શરીર ઉપરનું કૌવત ! આટલી તનતોડ મહેનત કર્યા પછી યે બે પૈસાનો વધારો થશે કે લૂગડા ઉપર થીંગડાંનો...



http://aksharnaad.com



ઘણા લોકો વાતવાતમાં કહે છે કે ‘અમારો ય એક... વખત હતો!’ વખતની એરણ પર કાળનો ઝપાટો સતત ટીચાયા કરે છે. તેનાથી અજાણ રહીને ઘણાય વસવસો કરતા રહે છે. દુનિયા એ દીધેલા હોદ્દાના ભાર અને જીવનનાં તપતા મધ્યાહ્નની વેળા આવીને જતી રહે. ‘સ્વજનો’ ય છેટા થઈ જાય. એ વખતે ચુંબકત્વ ગુમાવેલા લોખંડના ટુકડાની જેમ પડી રહેવાનું પછી તો નાની અમથી ટાંકણી યે આમન્યા ન રાખે. તસવીરના આ વૃક્ષોનો ય એક વખત હતો. દરરોજ કેટલાય ટહુકા એની ડાળીએ આશરો લેતા. આકાશને આંબવા મથતી ડાળીઓને વાયરો રોજ રમાડતો. એક દિવસ માણસની જેમ એને ય પાકટતા આવી. પાંદડા ગયા પછી ટહુકા ગયા. હવે જીવનની કુંપળ ફુટતી નથી પણ, ક્યારેક કોઈ જુના દોસ્ત માનવ કે પંખી પાસેથી દૂર જતા રહે અને નજર પણ ન નાખે ત્યારે બે ઘડી આ વૃક્ષોને બેચેનીની કુંપળ ફુટી જાય છે. એકલા ઉભેલા વૃક્ષોની આશાના મૂળીયા હજુય અડીખમ છે. એમને ભરોંસો છે કે કોઈની દ્રષ્ટિ પડે ના પડે એક ‘દિ કઠિયારાની દ્રષ્ટિ તો પડશે જ. મનુષ્યત્વ હોય કે વૃક્ષત્વ સરવાળે તો – ‘‘યે દુનિયા મુસાફીરખાના હરદમ આના જાના...’’



http://aksharnaad.com

## મથામણ...



વ્યવસાય - મીઠાની ખેતી



http://aksharnaad.com



જનેતાની છાતીમાં ધાવણનું ટીપું એ ન આવતું હોય. છતાં, બાળક માને છોડી શકતું નથી એવી એને મમતા હોય છે. આવી જ મમતા રણકાંઠાના માનવીને મીઠાનાં રણ સાથે છે આઠ-આઠ મહિનાની કાળી મજૂરી, મીઠાનો વકલ સારો ન ઉતરે, ભાવ દબાય કે માવઠું થાય તો ડૂલી જવાનું. મશીન ચલાવવા મોંઘા ક્રુડ, પીવાના પાણીનાં ય પૈસા ચૂકવ્યા પછી આઠ મહિના ટૂંકા થાય એટલી આવક ને એથી ય વધુ મળે તો ઘર-વ્યવહાર કે મરણ-પરણ આવે એમાં વપરાઈ જાય. અગરમાં જવાના દિ' આવે ત્યારે હતા એવા ને એવા. નવસ્ત્ર ધરતી ઉપર આટ-આટલી આપદાં છતાં ય રણકાંઠાના લોકો રણ સાથે અજબ પ્રકારની મમતા ગાંઠ બાંધીને જીવે છે. તસવીરમાં એક વૃદ્ધા અને દીકરાને અગરમાં જવાનો દિવસ ઢુકડો આવી ગયો. મા-દિકરો રણકાંઠામાં થતા ખાસ પ્રકારના ઘાસને કાથીની દોરી વડે ગૂંથણી કરે છે. ગૂંથણી કરેલ ઘાસની રણમાં ઝુંપડી બનાવશે. વૃદ્ધાને હજુ 'સફર'ની તૈયારી કરવાના કેટલાય કામ આટોપવાના છે એટલે ઝપાટાભેર 'ગાંઠ' વાળી ઝુંપડીનું માળખું બનાવે છે. જીવતરના કેટલાય દાયકાથી આમ વરસોવરસ વૃધ્ધાની વળી રહેલી 'ગાંઠ' મમતાની હશે કે લાચારીની...



http://aksharnaad.com



આખી સૃષ્ટિ વૈવિધ્યનાં વૈભવથી ભરેલી છે. કુદરત પણ કેવા ઉંચા ટેસ્ટવાળી છે ! એણે સતત આકાર બદલે એવું અમીબા સર્જ્યું. અને સતત મનસુબા બદલે એવો માનવ સર્જ્યો. યુગોથી પ્રકૃતિનો સઘળો ખેલ લયબધ્ધ અને નિરાળી રીતે ચાલતો રહે છે પણ, માનવજાતે કોમ્પ્યુટર યુગ અને યંત્રયુગનાં શરણે જતાં એ લયમાં ઉડુ પંચર કરી નાંખ્યું. આજે 'જીવનલય' ખોરવાયો છે. યંત્ર પાસે ગયેલા માણસ પાસે આજે હાથીનું બળ ધરાવતું ટ્રેક્ટર છે. પણ, એ ટ્રેક્ટરમાં હાથીની ડોલનશૈલી નથી. સૂર્યની બેઠી નકલ કરતી ટ્યુબલાઈટમાં પ્રકાશનો ધોધ ખરો પણ એ ઉગતી-આથમતી નથી. સળગે અને ઓલવાય છે. યંત્રવત' થયેલા માનવે ચેતના ગુમાવી દીધી છે. આજે ય કોઈ પક્ષી યંત્રની માફક પાંખ નથી ફફડાવતું કે કોઈ ખિસકોલીએ થનગનાટ ગુમાવ્યા નથી. નૃત્ય જેવી મોહક અદા વડે મીઠાનાં અગરોમાં પગ વડે જમીન દબાવીને કઠણ કરતા 'પગલી' પાડવાની મજૂરીની આ જીવંત છબી છે. આશ્વાસન એ વાતનું છે કે કહેવાતી દુનિયાએ અશિક્ષિત કહેલા આ સમજુ શ્રમજીવીઓ કાળી મજૂરી કરતાં-કરતાં ય જીંદગીનો 'થનગનાટ' માણી લે છે. જ્યારે દુઃખ એ વાતનું છે કે શિક્ષિત હોવાનો દાવો કરતા કેટલાયનો 'લય' અને 'થનગનાટ' ખોરવાયો છે.



http://aksharnaad.com



ઘણા બધા લોકો માટે ઉનાળાના ચાર મહિના એટલે વેકેશન અને હરવા-ફરવાના દહાડા. પરંતુ કચ્છના નાના રણ કંઠે વસેલા એકસો સાત ગામડા માટે ઉનાળો એટલે ચોમાસાના રોટલા કાઢવાની મોસમ. માર્ચ બેસતા જ મીઠાની સિઝનની શરૂઆત થાય. હજારો ઊભડિયા પરીવાર મીઠામાં મજૂરી કરવા ઉમટે અને ધાણીફુટ ગરમી વચ્ચે પરસેવો પાડયા કરે. મીઠાના ઢગલા જ એમનું ઘર અને વિસામો. પચ્ચીસ-ત્રીસના સમુહમાં ભેગા થઈ દિ'ઉગ્યેથી મજુરીની શરૂઆત કરે. વચ્ચે વચ્ચે સૂસવાતા પવન સાથે સ્વરને ભેળવી સમૂહમાં ગીત ગાતા જાય. આ એનું મનોરંજન. બપોર વેળાએ એક પંગતે સરખું ભોજન કરે. ભલે ભાથુ નોખુ-નોખુ લઈને આવે. કોઈના ભાણામાં વેરો-વંચો નહી, પોતાનું લાવેલું બધા માટે વપરાય એનો ઉમંગ છલકાય. પરીશ્રમ કરી શકે તેવું શરીર, અને તેવો જ મજુબૂક્ત સંકલ્પ લઈને ચોમાસાનાં પહેલા ફોરા સુધી કાંધે મણ-મણના ટોપલાનો ભાર ઝીલે. આ ટોપલોમાં દઝાડતા મીઠા ભેગુ એક નાનકડું સપનુ પણ હોય... ચોમાસાના રોટલા!!....



http://aksharnaad.com

# મારો ઉજાસ...



સંદેશા વ્યવહાર નું માધ્યમ – 'અરીસો'

ટેલીફોન લાઈન – શૂન્ય કીમી

પોસ્ટ ઓફિસ – શૂન્ય



http://aksharnaad.com



સમયનું ચક્ર ફરતુ રહ્યું. દિવસોને દાયકાઓ વહેતા રહ્યાં. સંગીત પ્રીતીનાં સૂરમાં ટેકનોલોજીનો તાલ ઉમેરાયો અને નિતનવી શોધ થઈ. ગ્રામફોન, ટેપરેકોર્ડર અને વોકમેન બજારમાં આવ્યા અને વિસરાતા ગયા. છેલ્લા દાયકામાં કોમ્પેકટ ડિસ્ક અને એમ.પી.થ્રી પ્લેયર જેવા મનોરંજનમાં ઉપકરણોની એન્ટ્રી થઈ. રીમીક્સ ગીતો પર ઉછળતી આજની યુવાપેઢીને કદાચ ખબર નથી કે જ્યાં વિદ્યુત શક્તિ નથી પહોંચી એવા છેવાડાનાં વિસ્તારમાં મનોરંજનનો એકમાત્ર આધાર 'રેડીયો' છે. દિવસભરનાં થાકલાને બે-ઘડી ઓગળીને હળવો કરી દેતા આ પરીશ્રમીઓનાં 'દોસ્ત' રેડીયો માટે તો અત્યારે એટલું જ કહેવાનું કે 'ઘણુજીવો' 'રેડીયો...'



http://aksharnaad.com



શહેરની સાંજ ભારે 'ફેશન પરસ્ત' હોય છે. દિવસભરનાં બોજાથી બેવડ વળી ગયેલા ટ્રફિકનાં જંગલમાં અટવાતી સાંજ, જ્યારે ધૂળીયા રસ્તે પથરાયેલ લીલા સામ્રાજય વચ્ચેની વસાહતમાં, હાથમાં હોકો લઈ બેઠેલા ખેડૂતની આંખમાં નિરાતનો નશો છલકાવી 'અદ્દલ ગામઠી' બને ત્યારે શબ્દોનું ઘણ રસ્તે રઝળતું રહી જાય. સાંજ એટલે માત્ર અંધારા અને અજવાળા વચ્ચેનો તખ્ત પરિવર્તન જ નહીં પણ આપણી દિનચર્યામાં 'વાનપ્રસ્થ' બનવાનો સમય ગણાય. પરંતુ ઘણા લોકો દિવસભરનાં ગળચટા વૈતરાની અંતે સાંજને વચમાં લાવ્યા વગર જ સીધા રાત પાસે પહોંચી જાય છે. તસ્વીરમાં ઉમળકા વગરના માણસથી કંટાલેળો સૂરજ એક બાળક સાથે ધૂળમાં આળોટીને રમતિયાળ બની જાણે માનવજાતને શિખામણ આપે છે કે માનવજાત જે પોતાની પાસે ઉત્તમ છે તે વિખેરીને ચાલતી પકડે એનું નામ જ – 'અસ્ત'..



http://aksharnaad.com

# કાંધે સવારનાં સપના...



સરકારી શાળાઓ - શૂન્ય        પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર - શૂન્ય



http://aksharnaad.com



ઝુંપડામાં રહેતો રઘુ દિ'ઉગ્યાથી આથમ્યા સુધી મીઠાની કાળી મજૂરી કરે. એક દિવસ રઘુનું શરીર દુબળુ થયુ અને ઉધરસ પંડમાં બેઠી મીઠા સાથે બાથોડીયા ભરતો રઘુ ધરતીમાં ભળી ગયો. ઝુંપડાઓનાં જંગલમાં બે-ચાર દિ'ની રોક્કળ પછી રઘુ ભૂલાઈ ગયો.
રઘુ ના મૃત્યુને સવા મહીનો થયો છે. આજે રઘુનાં બે નાના સંતાનો ને કાળી મજૂરીના મારગમાં પહેલો દિવસ છે માતા એમને માથુ ઢાળીને એવી રીતે અવલોકી રહી છે કે જાણે આખુય દ્રશ્ય 'અમાસી રાત'...



http://aksharnaad.com



એક વખત આદિમાનવે બે પથ્થર ઘસીને આગ પેટાવી, અનાજ રાધંવાની કળા સિધ્ધ કરી. બદલાતા જીવન વચ્ચે એક પછી એક કોયડા ઉકેલાતા રહ્યો. પણ બે વેંત પેટની તલાશનો કોયડો હજુય ઉકેલાયો નથી. એ કોયડાને ઉકેલવા આજે માનવ પાસે ધરપતનાં શ્વાસ લેવાનોય સમય નથી. ભલ-ભલા કોયડા ઉકેલનારો માનવ આજે ય એ વણ ઉકેલ્યા 'બે-વેંત'ના પેટ પાસે નમતું અને ઉભડક-ઉભડક જીવ્યા કરે છે તસવીરમાં એક બાળા બે - પથ્થર ઘસીને પોતાનાં પરીવારનાં પેટની આગ બુઝાવવાની તૈયારી કરે છે. એના હાથમાં પાટી-પેનને બદલે આ કોયડો કેમ ગોઠવાયો હશે ? કદાચ એનેય આ કોયડા સામે નમતુ જોખીને સ્વીકારી તો નહી લીધુ હોય ને કે - 'માડીનું નામ મારે ઘૂંટવુ ક્યાં રેતીમાં... મારે તો ઘૂંટવો આ કોયડાનો ચૂલો...'



http://aksharnaad.com



સતત સૂસવતા જીવતરનાં વાયરા વચ્ચે દીપશિખા બનવા મથતા એક નાનકડા અગીયાની કથા છે. રણકાંઠાનાં એક શહેરની ઝુંપડીમાં આગીયાને જન્મ દેનારી જનેતાને આંખે અંધાપો વળગ્યો. આગીયાનું પેટ ભરવા જનેતા એને છાતીએ વળગાડી બજારમાં ફરી હાથ લંબાવ્યા કરે. અર્ધ ભૂખમરો, અપમાન અને અવહેલના તો કોઠે પડી ગયા પણ, જીવતરની અધવચ્ચે મળેલો અંધાપો પગ કેટલા માંડી શકે તેની સમસ્યા થોડું ચાલે ત્યાં કોઈક પથ્થર કે ઝાડી ઝાંખરા સામે આવે. આંધળી જનેતાની આ વિડંબણા આગીયો જોયા કરે. આછી-પાતળી સમજણ આવતા જ માતાની આંગળી પકડી બજારમાં હાથ લંબાવવા મદદ કરે. શહેરની બજારમાં દરરોજ જવાનું થાય ત્યારે આગીયો દુકાન અને ભીંત પર લખેલા અક્ષરો જોઈ રહે કોઈને પૂછે કે ક્યા અક્ષરો છે. કોઈ સમજાવે તો કોઈ મશ્કરીયે કરે. બસ, અક્ષરો જોઈને આગીયાનું મન અવઘોળાયા કરે જંપ  ન વળે સાંજે ઝુંપડીમાં બેસીને ઓળખેલા અક્ષરોને યાદ રાખ મથ્યા કરે. આગીયાના ભણતરની રઢ શહેરમાં અંધજન મંડળને સ્પર્શી એક નાનકડા આગીયાને નિશાળ મળી. તસવીરમાં અંધમાતા સાથે બજાર ફરી આવેલો આગીયો બજારમાં જોયેલા માણસોની આકૃતિનું ચિતરામણ કરે છે. કદાચ, આ દોરાયેલી આકૃતિમાંથી કોઈ માણસ બેઠો થાય. આંગળી પકડે અને આ નાનકડા આગીયાથી એક દિપ શિખા પ્રગટી જાય.



http://aksharnaad.com



જગતમાં માત્ર બાળક પાસે જ એક અનોખી તાકાત જોવા મળે છે. કુમાશની તાકાત પ્રત્યેક બાળક જાણે કુમાશનું જીવતુ કાવ્ય પણ, કમનસીબે જગતમાં ઉંમરને જ પ્રાપ ગણવામાં આવે છે. જેમ ઉંમર વધારે એમ ડહાપણ વધારે, એવા ગેરસમજનાં ઘા વડે જગત પીડાતુ અને પીલાતુ રહે છે. એમાય ઉંમર સાથે હોદ્દાનો ભાર ભળે એટલે કુમાશ ખર જાય. એક દિવસ ડહાપણ હોદ્દાનો ભાર ગુમાવે ત્યારે સમગ્ર અસ્તિત્વ હવા કાઢી લીધા પછીનાં ફુગ્ગા જેવુ બની જાય. પછી એ ડહાપણ ચુંબકત્વ ગુમાવેલા લોખંડના ટુકડાની જે પડી રહે. તસવીરમાં બે બાળક ખરા તડકે મીઠાનાં ઢગલા ઉપર બેઠા છે. એમનાં ચહેરા ઉપરની કુમાશ સુધી ઉંમરનાં એકેય કાટલા પહોચ્યા નથી. ધોમ-ધખતો તડકોય એમ કુમાશ છીનવી શક્યો નથી. હજુય કુમાશ એમની પાસે અકબંધ છે. માનવજાતને એ કુમાશ ઉછીની મળે તો લઈ લેવા જેવી છે....



http://aksharnaad.com



કચ્છનાં નાના રણમાં બાળપણ એટલે ગળથૂથીમાંથી પીડાપીને ઉછરતી જીંદગી માવતર દુર-દુર મીઠાનાં અગરમાં શરીર નિચોવ્યા કરે. છાયો રણનાં જડબામાં ચવાઈ ગયો હોય એમ ઉનાળાના તીખા તડકા અને ટાઢા વાયરામાં બાળકનું બાળપણ પાર ઉતરી જાય. એકલા પડી ગયેલા બાળકો મોરનાં પીછાં ધૂળમાં દાટવાની રમત રમ્યાં કરે. રણકાંઠામાં એક એવી માન્યતા રમત રમ્યા કરે. કે મોરનાં પીંછા ધૂળમાં દાટો તો સુખ ઉગે બાળકોને રમતા કોઈ અટકાવે નહી કારણકે એમના બાપા-દાદા અને પરદાદા બાળપણમાં આ રમત જ રમતા. તસવીરમાં મીઠાના અગરો વચ્ચે બાળકોના મોરના પીછાં ધૂળમાં દાટવાની રમતમાં મશગુલ છે. એક બાળક હાથમાં પીંછા પકડીને ઉભો છે. એ કદાચ વિચારતો હશે કે અમે તો સુખ ઉગાડવા આ રમત રમીને થાકયા. કાશ... હવે કોઈ નવી રમત આવી જાય....



http://aksharnaad.com



મસ્તીથી પોતાની રીતે જીવવાનું સૌને ગમે. પણ જીવતરનાં ઉંડા જળમાં 'ભોજન' નામના પ્રચંડ વમળમાં ઘુમરાતો માણસ ઉંમરમાં મોટો થાય એટલે એક ઘટના બને. જાણે વૃક્ષો
વગરનો બોડો ડુંગર જીવવાનો અભિનય કરતો રહે. ઘડીયાળનાં કાંટા અને કેલેન્ડરનાં પાના ઉપર સવાર થઈને સમય અને તારીખનાં મોઘઈ ઈશારે ખાધા કરે, રડ્યા કરે અને એ
ઉત્સવથી બીજા ઉત્સવ ઉપર ઠેકડા માર્યા કરે. જીવનભરની મનની ગંદકીનાં ખાળકુવા સર્જાયા કરે એને ઢાંકી રાખવા હવાતિયા મારે. તસ્વીરમાં વૈશાખનાં ધોમ-ધખતા તડકામ
એક અગરીયા બાળકની મસ્તીમાંથી પરસેવાને બદલે ઉત્તરાયણ ટપકી રહી છે. સૂતળીનો કટકો અને પોલીથીનની કોથળી બની એનો પતંગ-માંજો. હવાના ઝપાટા વચ્ચે એન
ઉત્તરાયણ પૂરબહારમાં ખીલી છે. આ બાળકને જાણે દુનિયાનાં કેલેન્ડરની પડી જ નથી. એની 'મગ્નતા' જોઈને ભલ-ભલા યોગી શરમાઈ જાય. યોગીઓને જે મેળવવ
હિમાલય પહોચવું પડ્યુ, એ આ બાળક માટે સહજ છે. આ બાળ-યોગીને કયો ખિતાબ અપાય? કદાચ.... આર્ટ ઓફ લિવિંગ...



http://aksharnaad.com



ઉનાળાનો ધમ ધખતો બપોર. આખુ વરસ સતત રણકતાં નિશાળનાં ઘંટનેય ઉનાળો એવો આકરો લાગ્યો કે મહિના દિવસ માટે સાવ મૂંગો થઈ ગયો. ખરા તડકે બા-બાપુજી પણ બે-ઘડી માટે વાંહો લાંબો કરી ગયા. વડીલો અને શિક્ષકોએ ગેરહાજર રહીને બાળપણનાં સ્વરાજ્યને અર્થપૂર્ણ બનાવવામાં મોટો ફાળો આપ્યો. રાધાડી અને ટીનીયો દબાતા પગલે સરકીને ઘરમાંથી બહાર આવ્યા. ઘર-ઘર રમતા રસોડુ બનાવ્યું. માટીને ઝીણી ગુંદી બનાવેલો રસોડા સેટ ગોઠવી દીધો. પણ, ચૂલો સળગાવવા ઘેર દિવાસળી લેવા જવામાં જોખમ, 'ચાલ ઘરમાં બેસ' એવા અળખામણા શબ્દોને કાને પડવાનો પૂરો સંભવ. આ સમયે કોઈ બીડી પીનારો નિકળી જાય તો પયગંબર જેવો લાગે. વૈશાખનાં તીખા તડકામાં પાંગરેલી 'રાધાડી અને ટીનીયા'નાં બાળપણની લોકશાહીને આજે ગુલામીનાં છાંયડા કરતા આઝાદીનો તડકો વ્હાલો લાગ્યો...



http://aksharnaad.com

# વરસી જા...



પીવાના પાણીના કનેક્શન - શૂન્ય



http://aksharnaad.com



હજુ તો વૈશાખનું આગમન થયુ નથી ત્યાં જ ઉનાળો સૂરજની સોબતે ચડી ગયો છે. ઝાલાવાડની પનિહારીઓને એક હેલ પાણી માટે આંખમાં પાણી આવવા લાગ્યા છે. આંખમાં પાણી તો આવતા જતા રહેશે, પણ આ વિસ્તારનાં ભીતરની ભિનાશ હજુય અકબંધ છે. એવું કહેવા મથતી આ તસવીરો છે. કચ્છનાં નાના રણનાં ઝાંઝવાઓ વચ્ચે 'વેચાતા-પાણી'નાં મલકમાં કોઈ પરગજુ એ 'પરબ'નાં મંડાણ કર્યા છે. ટ્રકની તૂટેલી ટયૂબમાં પાણી ભરી કોઈક તરસ્યાનાં આગમનનની પ્રતિક્ષા કરતી એક બાળા ઉભી છે. ટયુબનાં પાણીમાં નજર નાખતી બાળા મનોમન પેલી પ્રસિધ્ધ કવિતા કહેતી હશે કે તમે ખોબો ધરો તો હેલ છલકાવી દઉં ! અરે, ધોમ-ધખતા સૂરજ ને ય મલકાવી દઉં ! સૂરજ ભલે ને કાળઝાળ ઉનાળો પાથરે, અમને ચોમાસું 'ચિતરતા' આવડે....



http://aksharnaad.com

# આ કાંઠે વૈશાખ...



મહત્તમ તાપમાન - ૪૮ °C

લઘુત્તમ તાપમાન - શૂન્ય° C



http://aksharnaad.com



ઉનાળાનું આગમન થાય એટલે છાપા–સામાયિકોનાં પાના ઉપર 'તરસ' કબજો જમાવી દે. જાણે જગત એટલે તરસ્યા માનવીઓનો વિરાટ મેળો. આ તરસને નાથવા માનવે તળાવો ઉંડા કરી, ભૂગર્ભ ટાંકા બનાવી કે કાચા–પાકા બંધ બનાવી 'તરસ'ને અંદર સંતાઈ જવાનાં પ્રલોભન આપ્યા. તોય 'તરસ' તો વકરેલા રોગની જેમ ઉથલા માર્યા જ કરે છે. બળતણનાં ભારા ઉચકી પેટીયું રળી ખાતી બાળાને રણવીંધીને જતા 'તરસે' ઘેરી લીધા. વોટરબેગમાંથી પાણીને બદલે 'તરસ' ઝબુંળી રહી. તસવીરની આ બાળા એ જાણે ભૂતકાળનાં પંડમાંથી જાગતી કરી છે એક વણઝારે ગાળેલી વાવને...



http://aksharnaad.com



મીઠાનાં અગરો વચ્ચે ઉનાળાની સળગતી ખારી હવા, બાવળના બે-ચાર સડી ગયેલા ધોકલા, માથે મેલી અને ફાટેલ ચાદર, પરસેવે લથબથઅને હાંફતી કાયા. બધી યે વિડંબનાને વળોટીને માતૃત્વ ઉભરાયુ. બસ, અફસોસ એને એક જ વાતનો છે કે મારો વ્હાલસોયો દુધ પીતો હશે કે પરસેવો, ખોળામાં પાંગરી રહેલા વ્હાલસોયા એ રડવાનું તો ક્યારનું ય મૂકી દીધું છે. કદાચ માતા એ તરતા બપોર વચ્ચે હાલરડા ગાઈને 'રડવાનું નહીં' એવી શિખામણ પીવરાવી હશે. ભેગા-ભેગી માતા એ જાણે દુનિયાથી આડુ મોં વાળી દીધું હોય એમ સાડલાનો છેડો મોં આડો વાળી દીધો. દુનિયા માટે તાજેતરમાં ભલે 'મધર્સ-ડે' ઉજવાઈ ગયો. પણ આ માતાનો મધર્સ-ડે તો જન્માષ્ટમીનાં દિવસે જ આવશે. એ દિવસે બધીયે માતા રણકાંઠાનાં ગામડામાં એકઠી થશે. ગંભીર નાદે ઢોલ વાગશે. મોં આડો વાળેલો સાડલાનો છેડો હટી જશે. વિલંબીત સ્વરોમાં આઠ-આઠ મહીનાની સંઘરેલી વેદનાઓ ઠાલવીને એક'દિમાં બધાય સંબંધોને રડી લેવાનું હૈયું હળવું થાય એટલે બીજા દિવસે હાલી નિકળવાનું ફરી પાછા એ જ તપતા અને તરતા બપોર વચ્ચે મીઠાનાં અગરોમાં....



http://aksharnaad.com



‘દુનિયાદારી’ ખરી જાય એવી ખારી હવાનાં મુલક કચ્છનાં નાના રણમાં ત્રણ અતુટ ‘સાથીદારી’ની તસવીર છે જેવી ઉજ્જડ જમીનો વું જ જીવન. રેતીમાં વહાણ ચાલતુ રહે એમ તુટેલા સ્વપ્નોનો ભંગાર ભીતરમાં ભરીને જીંદગી ચલાવ્યા કરવાની દિવસે નજીકના સગા ‘પડછાયા’ બે વેળા સાથ દે. ખરા બપોરે ઝાંઝવા ભડકે બળે ત્યારે પડછાયા પણ એકાન્તની પછેડી ઓઢી જાય. રાત ઢળે ત્યારે ચંદ્ર અને તારાઓ દુરનાં સગા. પોતાના ય પડખા ફેરવી જાય એવી નોંધારી જીંદગીનાં શ્વાન અને સાયકલે હજુ ય અગરીયાનું ‘પડખું’ મુક્યું નથી રેતમાં ચાલતા વહાણને જરાક સમતોલન મળી જાય એ ઝંખનામાં ‘સાયકલ’ દોડતી જ રહે છે. રાત પડે ને આખુ રણ જંપી જાય ત્યારે જંપ નથી વળતો આ ‘શ્વાન’ ને. એ તો આખી રાત સતત રખોપુ કર્યા કરે છે... એમની ‘લાચારી’નું...



http://aksharnaad.com



'સમાજવિદ્યા'માં પાવરધો હોવાનો દાવો કરતા માણસની સમાજવિદ્યા આડા હાથે મૂકાઈ ગઈ હોય એમ અહીં યુવાનોને ફરજીયાત બેકાર રહેવું પડે છે અને વૃદ્ધોને ન છૂટકે કશુંક શોધવું પડે છે. દિવસભર મેલીઘેલી થેલી પકડી પગરખા પોલિશ કરીને કેટલાય નાના ટાબરીયા ખરબચડી જિંદગીને આલિંગન કરવા મથતા રહે છે. તો કેટલાક ટાબરીયા હોટલોમાં સારી-સારી વાનગી પીરસતા એ વાનગી સાથે કોઈક જુદા પ્રકારનો સંબંધ બાંધી બેસે છે. ધગધગતી બપોરે ડામરની સડકો પર કેટલાક ઉઘાડા પગ પકડી લેવા મથે છે. તો કેટલાકનાં પગમાં આદતના જોરે વળગેલા પગરખા એક્સીલેટર દબાવ્યા કરે છે. હવે ડામરની સડકો પર ચીરા પડે છે પણ અગોચર ખૂણે પડેલી માણસની સંવેદનાને ચીરા પડતા જ નથી. બુધ્ધિશાળીઓ દોષના ટોપલામાંથી 'વસ્તી વધારો', 'નિરક્ષરતા', જેવા કેટલાય શબ્દો ફંગોળતો રહે છે. તસવીરમાં એક બાળાએ માથા ઉપર એના ભારોભારનો મીઠાનો ટોપલો ઉચક્યો છે. એ ટોપલો ફંગોળશે ત્યારે એમાંથી બે ટંક ચૂલો, સળગતો રાખવાની મથામણ સાથે થોડાક શબ્દો પણ ફંગોળાશે એ શબ્દો કદાચ આવા પણ હોય કે અમે તો 'શ્રમજીવી' અને આ તો અમારા 'નિર્દોષના ટોપલા...



http://aksharnaad.com


આ સદીના સુખ...




**http://aksharnaad.com**

## ગોખલે - ગાંધી, મીઠું અને દાંડી - હવે શું ?

### અગરિયાઓના પ્રશ્નો

વપરાશમાં તો મીઠું સર્વ પરિચિત છે. પરંતુ મીઠાના ઉત્પાદનની આંટીઘૂંટી અને વ્યથાકથા આપણે ભૂલી ગયા છીએ. મીઠાને લગતા વિચિત્ર કાયદાઓ આજે પણ ઉત્પાદન પ્રક્રિયાને શોષણના ભરડામાં ભીંસી રહ્યા છે.

ગુજરાતનો મીઠાના ઉત્પાદન સાથે વિશેષ સંબંધ છે, કેમ કે વિશ્વના ચોથા મહત્તમ મીઠું પકવનારા ભારત દેશનું ૭૦% મીઠું ગુજરાત પકવી આપે છે. ગાંધી, દાંડી, કચ્છ, કારગિલ, કંડલા - વાવાઝોડું - અગરિયાઓના મોત - આ બધું આજેય ગુજરાત, દેશ અને દુનિયાની જીભે છે ! પરંતુ આ મીઠાનો કાયમી સાથી આજે કોઈ નથી. મીઠાના આયોડિન કરણનો પ્રશ્નતો માત્ર એક પાસું જ છે, બીજા તો અનેક પાયાના પ્રશ્નો કોઈ ગોખલે કે ગાંધીની રાહ જોતા એમને એમ ઉભા છે !

વાસ્તવમાં બધું જ ઉત્પાદન અગરિયાઓ દ્વારા થતું હોઈ મોટા ઉત્પાદકો, મોટા વેપારીઓ અને નાના વેપારીઓ સ્વરોજગાર ક્ષેત્રના જાતે ઉત્પાદન કરતા નાના ઉત્પાદકો (અગરિયાઓ)ને દબાવી શકે છે, શોષે છે અને લગભગ ઈજારો ધરાવે છે. બહુરાષ્ટ્રીય ઉત્પાદકો આ સૌની ઉપર ટાંપીને બેઠા છે. મીઠા ઉપરના સેસનો હેતુ અગરિયાઓના કલ્યાણનો હતો, પરંતુ મોટાભાગની રકમ વહીવટમાં જ ખર્ચાય છે. મીઠા ઉત્પાદનમાં લાગેલા સરકારી એકમો ધોળા હાથી સમાન જ છે. સરકારી સંશોધનના પરિણામો અગરિયાને ખાસ કાંઈ આશીર્વાદ રૂપ નથી બન્યા.

આયોડિનકરણથી કેટલા લોકોના આરોગ્યને ક્યારેક કોઈ 'ફાયદો' થતો હશે. મોટા ઉત્પાદકોનેતો તત્કાળ ફાયદો થઈ ગયો છે. આમ, શોષણચક્ર વધુ તીવ્ર બન્યું છે.

જમીનો પણ સ્વાભાવિક જ પહોંચવાળા 'મોટા' લોકોને જ ફાળવાતી હોય છે.

'આમ' અગરિયા માટે મીઠા ઉત્પાદન ઉદ્યોગમાં હજુએ 'સ્વરાજ' એટલું જ છેટું છે.

હવે શું ?

આપણે સૌ એ ગાંધીનું તર્પણ કરવું જ જોઈએ.

૧. માત્ર નાના સ્વરોજગાર પ્રાપ્ત અગરિયા ઉત્પાદકોને માટે જ આ પ્રવૃત્તિ અનામત રાખવી.
૨. તેઓને માટે વેરો, સેસ નથી તે તેમજ ચાલુ રાખવું.
૩. આયોડિનકરણનો કાયદો મીઠાને લાગુ ન પાડવો.
૪. જમીનો માત્ર 'પકવે તેની જમીન'ના ધોરણે નાના અગરિયા ઉત્પાદકોને જ આપવી.
૫. કચ્છના નાનારણ તરીકે ઓળખાતા આ વિસ્તારનો તત્કાલ મહેસુલ સર્વે કરવો.
૬. આ વિસ્તાર માટે હાલ જે પાંચ જીલ્લા કલેકટની હકુમત છે તે સ્થાને સમગ્ર વિસ્તાર એક જ વહીવટી હકુમત નીચે રાખવો.

વધુમાં, ઉત્પાદન અને ઉત્પાદકનું બેવડું વીમા રક્ષણ, ટેકાનો ભાવ અને જરૂર પડ્યે ખરીદીની વ્યવસ્થા, જમીન પર ધિરાણની વ્યવસ્થા અગરિયાની તાતી જરૂરિયાત છે. આમ થાય તો અગરિયાંનુ બાકીનું કલ્યાણ આપ મેળે જ થઈ જશે અને ગ્રાહકો સસ્તુ મીઠું મેળવશે.

http://aksharnaad.com